જાહેરાત ક્રમાંક –

**૧૧ માસના કરાર આધારિત ભરતી કરવા બાબત**

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત, રાજકોટ જિલ્લામાં નીચે જણાવેલ જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર ધોરણે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૨-૦૭-૨૦૨૩ થી તા.૧૮-૦૭-૨૦૨૩ સુધીમાં આરોગ્યસાથી સોફ્ટવેરની લીંક **https://arogyasathi.gujarat.gov.in** પર PRAVESH મોડ્યુઅલમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત,ઉમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | ઉમર | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | લેબોરેટરી ટેકનીશીયન- (કુલ જગ્યા – ૧ જિલ્લા કક્ષાએ ) | ૧.કેમેસ્ટ્રી કે માઇક્રોબાયોલોજીમા મા મુખ્ય વિષય સાથે બી.એસ.સી ની ડીગ્રી પ્રાપ્ત કરેલ હોવી જોઇએ અથવા ઓર્ગેનીક કેમેસ્ટ્રી કે માઇક્રોબાયોલોજી મા મુખ્ય વિષય સાથે એમ.એસ.સી ની ડીગ્રી પ્રાપ્ત કરેલ હોવી જોઇએ<br>૨.ગુજરાત રાજ્યની મેડીકલ કોલેજનુ અથવા ગુજરાત રાજ્યની માન્ય સંસ્થાનુ લેબોરેટરી ટેકનીશીયન ટ્રેનીંગ કોર્ષનુ સર્ટીફીકેટ ફરજીયાત રજુ કરવાનુ રહેશે.<br>૩.બેઝીક કોમ્પ્યુટરનો અભ્યાસ કરેલ હોવો જોઇએ.અથવા ધો.૧૦ કે ૧૨ મા કોમ્પ્યુટર વિષય.<br>લેબોરેટરી વર્કના પ્રેક્ટીકલનો અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાથમિકતા આપવામા આવશે. | મહત્તમ ૪૦ વર્ષ | રૂ.૧૩,૦૦૦/- |
| ૨ | રીહેબીલીટેશન વર્કર<br>(કુલ જગ્યા - ૧ ગ્રામ્ય કક્ષાએ)<br>(૧) સી.એચ.સી.-વિરપુર | ૧. શૈક્ષણિક લાયકાત: ૧૦ + ૨ અથવા તેની સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઇએ. તેમજ માન્ય સંસ્થામાંથી ડીપ્લોમા ઇન (DMRW) અથવા કમ્યુનીટી બેઝ્ડ રીહેબીલીટેશન વર્કર (DCBR) / મલ્ટી રિહેબીલીટેશન એક વર્ષનો સર્ટીફીકેટ કોર્ષ /બેચલર ઇન ફિઝીયોથેરાપીસ્ટ કરેલ હોવો જોઈએ. રિહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઇન્ડીયા એક્ટ-૧૯૯૨ અંતર્ગત રિહેબીલીટેશન પર્સોનલ તરીકે/ફિઝીયોથેરાપી કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ.<br>૨. અનુભવ: (ઇચ્છનીય) હોસ્પીટલમાં ૧ વર્ષનો અનુભવ | મહત્તમ ૪૦ વર્ષ | રૂ.૧૧,૦૦૦/- |

**ઓનલાઇન ફોર્મ ભરવા અંગેની જરૂરી સૂચનાઓ :**

૧. ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટ/ કુરિયર/ સાદી ટપાલ/રૂબરૂ કે અન્ય રીતે મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.

૨. સુવાચ્ય ઓરિજિનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે

૩. અધૂરી વિગતોવાળી, ઉમેદવારે જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્ર, એચ.એસ.સી., ગ્રેજ્યુએટના અટેમ્પટ સર્ટિફિકેટ અને અન્ય જરૂરી પ્રમાણપત્ર જોડેલા નહી હોય, તો તેવી અરજીઓ અમાન્ય ગણાશે

૪. વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજીસ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વય મર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલેકે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૮/૭/૨૦૨૩ ની સ્થિતીએ ધ્યાને લેવામાં આવશે

૫. ઉમેદવાર એક પોસ્ટ માટે એક કરતાં વધારે અરજી કરી શકશે નહી

૬. ભરતીની પ્રક્રિયા સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ મેરીટ પ્રમાણે કરવામાં આવશે. એક સરખા મેરિટના કિસ્સામાં જે ઉમેદવારની વય વધારે હશે, તેને અગ્રતા આપવામાં આવશે.

૭. નિમણૂક પામેલ ઉમેદવારની અન્ય જિલ્લામાં બદલી થઈ શકશે નહી.

૮. નિમણૂકને લગત આખરી નિર્ણય મીશન ડાયરેક્ટર, ડીસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

સ્થળ : રાજકોટ

તા.૦૭/૦૭/૨૦૨૩

(સહી/- અવાચ્ય)

મિશન ડાયરેક્ટરશ્રી

ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટી

અને

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રાજકોટ